GJAR040002342019

सत्यमेव जयते

**આંક :**

**મેઘરજના મે.એડી.સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**ફ.ક.,સાહેબશ્રીની કોર્ટમાં, મું.મેઘરજ, જી.અરવલ્લી**

**ફેંસલ તારીખ :૦૪ થી જુલાઈ , સને : ૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૧૯/૨૦૧૯**

**ફરીયાદી** : શ્રી સ ર કા ર
(ઈસરી પો.સ્ટે. એફ.આઈ.આર. નંબર : ગુ.ર.નં.૦૦૦૨/૨૦૧૯)
(વિદ્વાન એ.પી.પી.શ્રી એ.એન.શૈની)

વિ રૂ દ્ધ

**આરોપી** :– જયંતીભાઈ લેબાભાઈ ચમાર
ઉ.વ.૪૬, રહે.કુણોલ, તા.મેઘરજ,
જી.અરવલ્લી.

**આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી બી.કે. રાઠોડ**

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 20.01.2019 02:15 |
| Date of FIR | 20.01.2019 |
| Date of Charge Sheet | 28.03.2019 |
| Date of Framing of Charge | 28-03-2019 |
| Date of Commencement of Evidence | 03.02.2024 |
| Date of which Judgment is reserved | 29.05.2026 |
| Date of Judgment | 04.07/2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release on bail | Offence Charged with | Whether Acquitted or Convicted | Sentence imposed | Period of detention undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જયંતી ભાઈ લેબાભાઈ ચમાર | 25.02.2019 | 25.02.2019 | IPC K 279,338, 304[A], & MVA K 177, 184,134 B | Acquitted | - | |

## -: ઠ રા વ :-

(૧). આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૧/૨૦૧૯ ના રોજ બપોરના કલાક ૦૨-૧૫ વાગ્યાના સુમારે મોજે પહાડીયા ગામે આ કામના ફરીયાદીના દીકરા પિયુષ ઉ.વ.૦૬ નાને મોટરસાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હં કારી લાવી ટકકર મારી એકસીડન્ટ કરી ઈજાઓ પહોંચાડી સદર ઈજા પામનારને મેઘરજ સી.એચ.સી. હોસ્પિટલમાં સારવાર સારુ દાખલ કરેલ, જે સારવાર દરમીયાન મોત નીપજાવી મોટરસાયકલ લઈ નાસી જઈ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે.

(૨) આ કામના ફરીયાદી : ગલજીભાઈ ખેમાભાઈ મનાતનાઓએ ઉપરોકત બનાવ સંબંધે ઈસરી પોલીસ સ્ટેશને ફરીયાદ આપતાં , પોલીસે ઈસરી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૦૦૦૨/૨૦૧૯, તારીખ: ૨૦/૦૧/૨૦૧૯ થી ફરીયાદ નોંધી લીધેલી અને આ કામના તપાસ કરનાર અમલદારશ્રીને તેઓની તપાસ ડેપ્યુટ કરતાં, ત.ક.અમલદારશ્રીએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૨૭૯,૩૩૮,૩૦૪(અ) તથા મો. વ્હી.

એકટની કલમ -૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના ગુનાઓ સબબનુ ચાર્જશીટ તારીખ: ૨૮/૦૩/૨૦૧૯ ના રોજ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલુ છે.

(૩) આ કામના આરોપીને ના.કોર્ટ દવારા સમંસ કરવામાં આવેલો. જે આરોપીને ધારાસર બજતાં, તેઓ ના.કોર્ટ સમક્ષ હાજર થયેલા. તે બાદ ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ અન્વયે આરોપીને તેમની વિરુઘ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલી. તે બાદ આરોપી વિરુઘ્ધના ગુના સબબ તા.૨૮-૦૩-૨૦૧૯ ના રોજ આંક:૦૩ થી આરોપીનુ પ્લી નિવેદન નોઘવામાં આવેલ. જેમાં તેમની સામેનો કેસના ગુનાની કબુલાત કરતા ન હોય, તેમની સામેના કેસનો બચાવ કરવાનો હોવાનુ જણાવેલ છે. જેથી સદર કામ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું.

(૪) ફરીયાદ પક્ષ તર્ફે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**-મૌખિક પુરાવો-**

| અ.નં. | આંક | પુરાવો આપનાર સાહેદનુ નામ |
|---|---|---|
| ૧. | ૧૮ | મૂકેશભાઈ દલાભાઈ તબીયાડ- પંચ સા. |
| ૨. | ૨૯ | રૂપસિહભાઈ બેચરભાઈ - પંચ સા. |
| ૩. | ૩૮ | ગલજીભાઈ ખેમાભાઈ મનાત- ફરીયાદી |
| ૪. | ૪૦ | મોહનભાઈ કાવાભાઈ તબીયાડ- સાહેદ |
| ૫. | ૪૧ | લીલાબેન મોહનભાઈ તબીયાડ- સાહેદ |
| ૬. | ૪૨ | સાજાભાઈ ભેમાભાઈ રોત-પંચ સાહેદ |
| ૭. | ૪૩ | મોતીભાઈ સોમજીભાઈ ખરાડી-પંચ સાહેદ |
| ૮. | ૪૪ | મહેશભાઈ મોતીભાઈ તબીયા-સાહેદ |

૯. ૪૫ દલાભાઈ સળુભાઈ તબીયાડ–સાહેદ

**<u>દસ્તાવેજી પુરાવો–</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૬ | થી ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૨. | ૧૯ | થી ગુનાવાળી જગ્યાનુ કરેલ પંચનામુ |
| ૩. | ૩૦ | થી વાહન મોટરસાયકલનુ કરેલ પંચનામુ |
| ૪. | ૩૯ | થી ફરીયાદ |

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનુ ક્રિ.પ્રો. કો. ક. ૩૧૩ અન્વયે વધારાનુ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ. પી.પી.શ્રી એ.એન. સૈનીની દલીલો સાંભળવામાં આવી તેમજ આરોપીના વિ.વકીલશ્રી બી.કે.રાઠોડની દલીલો સાંભળવામાં આવી.

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

<u>–: મુ દા ઓ :–</u>

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૦/૦૧/૨૦૧૯ ના રોજ બપોરના કલાક ૦૨–૧૫ વાગ્યાના સુમારે મોજે પહાડીયા ગામે આ કામના ફરીયાદીના દીકરા પિયુષ ઉ.વ.૦૬ નાને મોટરસાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લાવી ટકકર મારી એકસીડન્ટ કરી ઈજાઓ પહોંચાડી સદર ઈજા

પામનારને મેઘરજ સી.એચ.સી. હોસ્પિટલમાં સારવાર સારુ દાખલ કરેલ, જે સારવાર દરમીયાન મોત નીપજાવી મોટરસાયકલ લઈ નાસી જઈ ઈ.પી.કો. ક. ૨૭૯, ૩૩૮, ૩૦૪(અ) તથા મો. વ્હી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

૨. શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**// નિર્ણય અંગેના કારણો //**

(૯) **મુદ્દા નંબર–૧:–**

આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલનાં ગુન્હામાં આરોપી વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજ ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૯.૧) આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે **આંક–૩૮ થી ફરીયાદી ગલજીભાઈ ખેમાભાઈ મનાત**નાઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલુ છે કે, સને ૨૦૧૯ ની ૨૦ તારીખે તેમના દિકરા પીયુષને અકસ્માત પહાડીયા ગામે રોડ ઉપર હોન્ડા

કંપનીની **મોટરસાયકલ કે જેનો નંબર હાલ તેમને યાદ નથી** તેનાથી થયેલો અને મોટરસાયકલનો ચાલક અકસ્માત કરી નાસી ગયેલો. બનાવ વખતે તેઓ બહારગામ હતા અને તેમના મામા રમેશભાઈએ જાણ કરેલી જેથી તેઓ મેઘરજ આવેલા ત્યારે તેમના દીકરાને સી.એચ.સી. હોસ્પિટલ મેઘરજ ખાતે લઈ આવેલ હતા અને તેમના દીકરાને ફરજ ઉપરના ડૉકટરશ્રીએ મરણ જાહેર કરેલ. ફરીયાદી વધુમાં એવુ પણ જણાવે છે કે,તેમના દીકરાને મોટરસાયકલથી મોઢાના તથા કપાળના ભાગે ઈજાઓ થતાં તેઓ મરણ ગયેલ હતો. સદર અકસ્માત મોટરસાયકલના ચાલકની બેદરકારીથી બનેલ હોય આ બનાવ બાબતે તેઓએ ઈસરી પોલીસ મથકે મોટરસાયકલ વિરુધ્ધ ફરીયાદ આપેલી. જે ફરીયાદ આંક:૩૯ થી રજૂ કરેલ છે. જેમાં તેમની સહી હોવાનુ ફરીયાદી ઓળખી બતાવે છે.

બાદમાં સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ. એ.પી.પી.શ્રીએ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ સરકાર તરફે લીધેલ અને ફરીયાદીએ તમામ પ્રશ્નોનો ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે.

બાદમાં સદર ફરીયાદીને આરોપી તરફેની ઉલટતપાસ લીધેલ.જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,તેઓ ધોરણ: ૫ સુધી ભણેલ છે **તેમજ કહેવાતા બનાવ સમયે તેઓ બહાર હતા તેમજ બનાવની હકીકત તેમના સાળાના કહેવાથી માલુમ પડેલી. તેમજ કહેવાતા બનાવની ફરીયાદ તેમના સાળાએ પોલીસ સ્ટેશનમાં લખાવી દીધેલી.** તેમજ બનાવ સમયે મેઘરજથી પંચાલ જતો રોડ ખાડા ટેકરાવાળો રફ હતો તેમજ બનાવવાળો રસ્તો જાહેર રસ્તો હોય જેના ઉપર ઘણાબધા વાહનોની અવરજવર રહે છે**. તેમજ અકસ્મામત કોની બેદોરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી** તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

ત્યારબાદ તા.૨૯/૫/૨૬ ના રોજ આ કામના ફરીયાદીએ આક:૪૭ ની સી.આર.પી.સી.ની કલમ: ૩૧૧ મુજબ ફરીયાદી તથા અન્ય સાહેદને રીકોલથી તપાસવા માટે અરજી આપતાં જે મંજૂર કરતાં આ કામના ફરીયાદીની આક:૩૮ લગત નામ.કોર્ટ ધ્વારા આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા વધુ ઉલટતપાસ નોધવામાં આવેલ છે. જેમાં ફરીયાદીએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે**, પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછેલુ બીજી કોઈ હકીકત તેમને પુછેલ નહી** અને આંક:૩૯ વાળી તૈયાર ફરીયાદમાં તેમની સહી સહી લીધેલ હોવાનુ તેમજ **તેમણે તેમની ફરીયાદમાં પીયુષને અકસ્માત કરનાર મોટરસાયકલનો નંબર લખાવેલ નથી** તેમજ તેમણે **તેમની ફરીયાદમાં તેમના સાળા મોહનભાઈ કાવાભાઈ તબીયાડનાઓએ તેમને ફોન કરી અકસ્માત કરનાર વાહન બાબતે જણાવેલ તેવી કોઈ હકીકત લખાવેલ નથી** તેમજ તેમને વળતરની રકમ મળી ગયેલ હોય હાલની ફરીયાદ અંગે આગળ કઈ કરવાનુ રહેતુ ન હોય ફરીયાદ આગળ ચલાવવા માગતા નથી કે વધુ કોઈ પુરાવો કે સાક્ષી તપાસવા માગતા નથી તે તમામ હકીકતોનો વધુ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે.

**(૯.૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક:૪૦ થી સા.મોહનભાઈ કાવાભાઈ તબીયાડ**ને મૌખીક પુરાવામાં તપાસેલા છે .તેઓ પોતાની સોગદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૨૦/૧/૨૦૧૯ ના રોજ પહાડીયા બસ સ્ટેશનની આગળ ઉતરતા ઢાળમા બનેલો.બનાવ વખતે તેઓ તેમના ધરે હતા અને પીયુષભાઈ તથા સંજયભાઈ મોહનભાઈ તેમના ધરે આવતા હતા ત્યારે તેઓને કણોલ ગામના જયંતીભાઈ લેબાભાઈનાઓની મોટરસાયકલ જેનો નંબર તેમને હાલ યાદ નથી તેઓએ પુરઝડપે આવી ટકકર મારી મોટરસાયકલ લઈને નાસી ગયેલ અને ૧૦૮માં

પીયુષને લઈને તેઓ મેઘરજ સરકારી દવાખાને લઈ આવેલા અને ફરજ ઉપરના ડૉકટરશ્રીએ તેને મરણ જાહેર કરતાં તેમણે તેમના પિતા ગલજીભાઈનાઓને ફોન કરી બનાવની જાણ કરેલી. આ બનાવ બાબતે પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલો નથી. અકસ્માત કરનાર જયં તીભાઈને તેઓ જોયેથી ઓળખી શકે. આરોપી નામદાર કોર્ટમાં હાજર હોય આ સાહેદ ઓળખી બતાવે છે.

બાદમાં સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ. એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ સરકાર તરફે લીધેલ અને સદર સાહેદે તમામ પ્રશ્નોનો ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે.

બાદમાં સદર સાહેદની આરોપી તરફેની ઉલટતપાસ લીધેલ. જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,બનાવવાળા રસ્તા ઉપર ઘણાબધા વાહનોની અવરજવર રહે છે તેમજ **કહેવાતા બનાવ સમયે તેઓ ત ેમના ઘરે હતા તેમજ તેમને મોટરસાયકલનો નંબર યાદ નથી** તેમજ બનાવ સમયે મેઘરજથી પચંચાલ જતો રોડ ખાડાટેકરાવાળો રફ હતો તેમજ પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલી નહી પરંતુ ફરીયાદી ગલજીભાઈએ તેમનો જવાબ લખાવી દીધેલો તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

**(૯.૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક:૪૧ થી સા.લીલાબેન મોહનભાઈ તબીયાડ**ને મૌખીક પુરાવામાં તપાસેલા છે.તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાંજણાવે છે કે, બનાવ તા. ૨૦/૦૧/૨૦૧૯ ના રોજ તેમના ઘરની પાછળ આવેલ મેઘરજથી કુણોલ જતા રોડ ઉપર બનેલો. બનાવ વખતે તેણી તેમના ઘરે હતી અને તે વખતે તેમના ભાણીયા પીયુષને એક મોટરસાયકલ ચાલકે ટકકર મારી જતો રહેલ હોય બુમાબુમ થતાં તેણી સ્થળ

ઉપર ગયેલી. બનાવ સ્થળે જઈ જોતાં પીયુષને મોઢા ઉપર કપાળના ભાગે ઈજાઓ થયેલી હતી ત્યારબાદ પીયુષને ૧૦૮ માં મેઘરજ સરકારી દવાખાને લઈ આવેલા અને ફરજ ઉપરના ડૉકટરશ્રીએ તેને મરણ જાહેર કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. અકસ્માત કરનારને તેઓ ઓળખી શકે નહી.

બાદમાં સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ. એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ સરકાર તરફે લીધેલ અને સદર સાહેદે તમામ પ્રશ્નોનો ઉલટતપાસમાં અસ્વીકાર કરેલ છે.

બાદમાં સદર સાહેદની આરોપી તરફેની ઉલટતપાસ લીધેલ.જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,**કહેવાતા બનાવ સમયે તેણી તેના ઘરે હતી અને ઘરકામ કરતી હતી તેમજ તેણીએ વાતોવાતથી બનાવની હકીકત સાંભળેલી** તેમજ તેણીનો પોલીસ જવાબ તેણીના નણદોઈ ગલજીભાઈએ પોલીસને લખાવી દીધેલો તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૯.૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક:૪૪ થી સા.મહેશભાઈ મોતીભાઈ તબીયાડ**ને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૯ માં પહાડીયાથી ઢાળવાળા રોડ ઉપર તેમને બોલાવેલા અને સ્થળ ઉપર જઈને જોતાં એક નાના બાળકનો અકસ્માત થયેલ હતો જેથી તેઓએ ૧૦૮ બોલાવી તેમાં બેસાડી દવાખાને લઈ ગયેલા. એ સીવાય બીજું કાંઈ જાણતા નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો.

બાદમાં સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ.

એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ સરકાર તરફે લીધેલ અને સદર સાહેદે તમામ પ્રશ્નોનો ઉલટતપાસમાં અસ્વીકાર કરેલ છે.

બાદમાં સદર સાહેદની આરોપી તરફેની ઉલટતપાસ લીધેલ. જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવના અરસામાં તેઓ ચાલુ સરપંચ હતા તેમજ બનાવવાળી જગ્યાએ ત્રણ રસ્તા પડે છે તેમજ બનાવવાળી જગ્યાએ તેઓ પહોચ્યા ત્યારે ત્યારે મોટુ ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ અને ઘણા વાહનો રોડ ઉપર હાજર હતા. તેમજ બનાવવાળી જગ્યાએ વાહનોની સતત અવરજવર રહે છે. તેમજ **બનાવ તેમણે નજરે જોયેલ નથી કે કોની બેદદરકારીથી બનાવ બનેલ તે કહી શકે નહી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.**

**(૯.૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક:૪૫ થી સા.દલાભાઈ સળુભાઈ તબીયાડ**ને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી ઘણા વર્ષ અગાઉ પહાડીયા બોરખાડ પાટીયા નજીક રોડ ઉપર મોહનભાઈ કાવાભાઈ તબીયાડના ઘર નજીક એક બેન નાના બાળકને લઈને રીક્ષામાંથી ઉતરેલા અને રોડ ક્રોસક રતાં એક મોટરસાયકલ ચાલકે તેઓના બાળકને ટકકર મારેલી અને તે ત્યાંથી મોટરસાયકલ ચાલક જતો રહેલ અને મોટરસાયકલ સ્થળ પર પડેલ હતી જે બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. **વધુમાં આ કામના મોટરસાયકલ ચાલકને તેઓ ઓળખી શકે નહી.**

બાદમાં સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ વિ. એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ સરકાર

તરફે લીધેલ અને સદર સાહેદે તમામ પ્રશ્નોનો ઉલટતપાસમાં અસ્વીકાર કરેલ છે.

બાદમાં સદર સાહેદની આરોપી તરફેની ઉલટતપાસ લીધેલ. જેમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,કહેવાતા બનાવના દિવસે પોલીસ તેમનુ નામસરનામુ પુછેલુ તેમજ **કહેવાતા બનાવના દિવસે તેઓ તેમના ઘરે હતા તેમજ બનાવની હકીકત તેમને વાતોવાતથી જાણવા મળેલી** તેમજ **બનાવ તેમણે નજરે જોયેલ નથી કે કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી** તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

**(૯.૬)** ત્યારબાદ ફરીયાદ પક્ષે પંચ સા.મુકેશભાઈ દલાભાઈ તબીયાડને આંક:૧ ૮ થી તથા બીજા પંચ સા.સાજાભાઈ ભેમાભાઈ રાંતને આં ક:૪ર થી મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે. બંને પંચ સાહેદો લગભગ એક જ સરખી જુબાનીઓ આપતા હોય વારંવાર પુનરાવર્તન કરવાનુ ટાળવાના આશયથી બંને પંચ સાહેદોની ભેગી ચર્ચા કરવાનુ મુનાસીફ જણાયેલ છે. સદર બંને પંચો તેમની સરતપાસની સોગંદ પરની જુબાનીઓમાં જણાવેલ છે કે, આજથી ચાર/પાંચેક વર્ષ અગાઉ પહાડીયા ગામથી બોરખાડ પાટીયા વચ્ચે રોડ ઉપર અકસ્માત થયેલ તે બાબતે પોલીસે તેમની એક તૈયાર પં ચનામમામાં સહીઓ લીધેલી તે સીવાય બીજુંક ાંઈ જાણતા નથી. તેમને આં ક:૧૯ થી રજુ કરેલ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૧,ર તરીકે તેમની સહીઓ હોવાનુ ઓળખી બતાવે છે.ત્યારબાદ આ આ બંને પંચ સાહેદોને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ પૂછેલા તમામ પ્રશ્નોનો ઈનકાર કરેલ છે.ત્યારબાદ સદર બંને પંચ સાહેદોની આરોપી તરફે ઉલટતપાસ લીધેલ છે. જેમાં તેઓએ પોલીસે આ કામે એક તૈયાર પં ચનામામાં તેઓની સહીઓ લીધેલી તે સીવાય બીજું કાંઈ જાણતા નથી.

તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, આ પંચ સાહેદોના પુરાવાથી આંક:૧૯ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આમ,હાલના બંને પંચ સાહેદોનો સમગ્ર પુરાવો જોતાં આ બંને પંચ સાહેદા ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. જેથી આ કામે આંક–૧૯ નું પંચનામું પુરવાર થયેલું માની શકાય નહી.આમ,ઉપરોકત બંને પંચ સાહેદોનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

(૯.૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે પંચ સા.રૂપસિંહભાઈ બેચરભાઈને આંક:૨૯ થી તથા બીજા પંચ સા.મોતીભાઈ સોમજીભાઈ ખરામડીને આંક:૪૩ થી મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે. બંનેપંચ સાહેદો લગભગ એકજ સરખી જુબાનીઓ આપતા હોય વારંવાર પુનરાવર્તન કરવાનુ ટાળવાના આશયથી બંને પંચ સાહેદોની ભેગી ચર્ચા કરવાનુ મુનાસીફ જણાયેલ છે. સદર બંને પંચો તેમની સરતપાસની સોગંદ પરની જુબાનીઓમાં જણાવેલ છે કે,આજથી પાંચ,છ/સાતેક વર્ષ અગાઉ મેધરજ કામથી આવેલ ત્યારે પોલીસે તેમની એક તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તે સીવાય બીજું કાંઈ જાણતા નથી.તેમને આંક:૩૦ થી રજુ કરેલ પંચનામુ બતાવતાં તેમાં પંચ નં.૧ ,૨ તરીકે તેમની સહીઓ હોવાનુ ઓળખી બતાવે છે.ત્યારબાદ આ આ બંને પંચ સાહેદોને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ પૂછેલા તમામ પ્રશ્નોનો ઈનકાર કરેલ છે.ત્યારબાદ સદર બંને પંચ સાહેદોની આરોપી તરફે ઉલટતપાસ લીધેલ છે. જેમાં તેઓએ પોલીસે આ કામે એક તૈયાર પંચનામામાં તેઓની સહીઓ લીધેલી તે સીવાય બીજું કાંઈ જાણતા નથી તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત બંને

પંચ સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને વંચાણે લઈએ તો પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં તેમની સહીઓ કરાવેલી તે સીવાય પંચનામાની વિગતો અંગે તેમને કોઈ જાતમાહીતી નથી તેમજ પોલીસને તેમણે કોઈ વિગત લખાવેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે.આમ,સદર બંને પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ,આ પંચ સાહેદોના પુરાવાથી આંક:૩૦ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. જેથી આ કામે આંક-૩૦ નું પંચનામું પુરવાર થયેલું માની શકાય નહી.આમ,ઉપરોકત બંને પંચ સાહેદોનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

## (૧૦) <u>પુરાવાઓનુ મુલ્યાકન:-</u>

**(૧૦.૧)** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફ્રરીયાદી ગલજીભાઇ ખેમાભાઈ મનાત, સાહેદ મોહનભાઈ કાવાભાઈ , સાહેદ લીલાબેન મોહનભાઈ, સાહેદ મહેશભાઈ મોતીભાઈ તથા સાહેદ દલાભાઈ સળુભાઈ તબીયાડનાઓની જુબાની ધ્યાને લઇએ તો, કહેવાતા બનાવ સમયે તેઓ બહાર હતા. અકસ્મામત કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકતા નથી. આમ, ફ્રરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની પરથી આરોપીની ઓળખ પુરવાર થતી નથી. જેથી બનાવ સમયે આરોપી જ કહેવાતુ વાહન ચલાવતા હતા તેવી હકીકત પુરવાર થતી નથી. આમ, સદરહુ બનાવ આ કામનાં આરોપીની બેદરકારી અથવા તો બેફીકરાઈનાં કારણે બનેલ હોય અને તે અકસ્માતમાં આ કામનાં સાહેદને કોઈ ઈજા થયેલ હોઈ અને તે સાહેદ મરણ ગયેલ હોય તે હકીકત ફ્રરીયાદી સાહેદોની જુબાની પરથી નિશંકપણે રેકર્ડ પરથી સાબિત થતી નથી. વધુમા, આ કામે બચાવપક્ષની સંમતીથી રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જેમના તેમ વંચાણે લેવામા આવે તો પણ

ફરીયાદી સાહેદોની જુબાની મેળ ખાતા ન હોય, રજુ થયેલ પુરાવાઓ પરથી આરોપી વિરૂધ્ધ ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા નથી.

**(૧૦.૨)** આમ, રેકર્ડ પર રજુ ફરીયાદી/સાહેદોના પુરાવા જોતા જોતાં પિયુષને અકસ્માતમાં ગંભીર પ્રકારની ઈજાઓ થવાથી મરણ ગયેલાની હકીકત ફલીત થાય છે.પરંતુ સદર ઈજાઓ આ કામના આરોપીએ જ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીભરી રીતે અને બિનનિયંત્રિત રીતે હં કારેલુ હોય અને તે કારણે કહેવાતો અકસ્માત થયેલો હોય તેવી હકીકત નિ:શં કપણે પુરવાર થતી નથી.જેથી આ તમામ હકીકત અને સંજોગો ધ્યાને રાખતાં આરોપીને તેમની સામેના ગુના સબબ સાંકળી શકાય તેવી કોઈ જ હકીકત ફલિત થતી નથી. આમ,સમગ્ર રીતે જોતાં આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ભારતીય દંડ સં હિતાની કલમ- ૨૭૯, ૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી. એકટ કલમ-૧ ૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે , આરોપીની બેદરકારીના કારણે બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય છે. આથી ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેના ગુનાના તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

**:૧:** આ કામના આરોપી :-જયંતીભાઈ લેબાભાઈ ચમારનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ- કલમ-૨૫૫(૧) અન્વયે ઈ.પી. કોડની કલમ

–૨૭૯,૩૩૮,૩૦૪(અ)તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**:૨:** આરોપીએ આપેલ જામીન છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તારીખ: ૦૪ થી, માહે : જુલાઈ,સને :૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૦૭/૨૦૨૬
સ્થળ :મેઘરજ

**(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા )**
એડી.સિવિલ જજ અને જયુડી.મેજી.ફ.ક.
મેઘરજ,જી.અરવલ્લી.
(જજ કોડ નં.જી.જે.૦૧૪૦૮)